

કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા કરાયેલા પેટ્રોલના ભાવ વધારાના વિરોધમાં એન.ડી.એ. તરફથી અપાયેલા બંધના એલાન મુજબ ખેડબ્રહ્માએ બંધ પાળ્યો હતો. જ્યારે અમુક સ્થળોએ વેપારીઓ દુકાનો ખોલતા ભાજપના કાર્યકરોએ રેલી યોજી સૂત્રોચ્ચારો સાથે દુકાનો બંધ કરાવી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મહેસાણામાં બંધને મિશ્ર પ્રતિસાદ

મહેસાણા, તા. ૩૧

પેટ્રોલના ભાવમાં થયેલ તોતિંગ વધારાના વિરોધમાં એન.ડી.એ. દ્વારા અપાયેલ ભારત બંધના એલાન મુજબ આજે મહેસાણા જિલ્લામાં બંધને એકંદરે મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક મહેસાણા શહેર સહિત અન્ય તાલુકામાં તેમજ નગરોમાં સવારના સમયે મોટાભાગની દુકાનો ખુલી હતી. જેને ભાજપના કાર્યકરોના ટોળાએ બળજબરીપૂર્વક બંધ કરાવતા કેટલીક જગ્યાએ કાર્યકરો અને દુકાનદારો વચ્ચે તુ તુ મૈં મૈં થઈ હતી.

ભાજપના આગેવાનો કાર્યકરોના ટોળાએ બજારોમાં નીકળીને દમ મારી દુકાનો બંધ કરાવી દીધી હતી. જેથી શહેરો નગરોમાં બંધની અસર જોવા મળી હતી. જ્યારે નાના મોટા ગામડાઓમાં બંધની ખાસ કોઈ અસર ન પડતા રાબેતા મુજબ દુકાનો ખુલ્લી રહી હતી. ઉપરાંત ઉંઝામાં ભાજપના કાર્યકરોએ હાઈ-વે પરથી પસાર થતા વાહનોને અટકાવતા ભારે ચક્કાજામ સ્થિતિ જોવા મળી હતી.

# ઉમેદપુરાની એચ.આર. ગારડી શાળાનું ગૌરવ

વડાલી, તા. ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરીણામ તાજેતરમાં જાહેર કરતા ઈડરના ઉમેદપુરાની એચ.આર. ગારડીનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

એચ.આર. ગારડી શાળાના વિદ્યાર્થી કિરણ પટેલે ૮૬.૮૫ ટકા સાથે પ્રથમ, રાજ.પી.એ. ૮૬.૭૫ ટકા સાથે દ્વિતીય અને પ્રિયંકા ગોસ્વામીએ ૮૫.૭૧ ટકા સાથે તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. શાળાનું નામ રોશન કરનારા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, કાન્તીભાઈ પટેલ, કારોબારી સભ્યો, સરપંચ ભીખાભાઈ પરમાર, અનિલભાઈ પટેલ, જનકભાઈ શાસ્ત્રી સહિત શાળા પરિવાર અને ગ્રામજનોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાલેરામાં સાપના ડંખથી યુવાનનું મોત

ખેડબ્રહ્મા,તા. ૩૧

ખેડબ્રહ્મા તાલુકાના સાલેરા ગામમાં રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા ૩૦ વર્ષીય યુવાન કેવડાભાઈ મકનાભાઈ ગમાર ગતરોજ બપોરના ૧ વાગ્યાના સમયે ખેતરમાં પાણી વાળતા હતા તે સમયે ખેતરમાંથી નીકળેલા ઝેરી સાપે ડંખ મારતા કેવડાભાઈ તડફડીયા ખાતા બેભાન થઈ નીચે પડ્યા હતા. જ્યાં બાજુના ખેતરમાં કામ કરતા ખેડૂતોને કંઈક અજુકતુ લાગતા તેઓ કેવડાભાઈ પાસે દોડી આવ્યા હતા અને સારવાર અર્થે પોશીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા. જ્યાં યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.

# બાયડમાં ભાજપા પ્રેરીત ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ



(તસ્વીર સમીર બલોચ બાયડ)

બાયડ તા.૩૧

હાલ સમગ્ર દેશ માં કેદ્ર સરકાર દ્વારા પેટ્રોલ ઉપર જે અસહય ભાવ વધારો એકદમ કરી દેવામાં આવ્યો તેના વિરોધ માં આજે ધારતીય જનતા પાર્ટી એ સમગ્ર ભારત દેશમાં એક દિવસ ના બંધ નુ એલાન આપી વિરોધ વ્યકત કર્યો હતો પરંતુ આ બંધ ને સમગ્ર દેશ માં આંશીક સફળતા મળી હતી.

ભારતીય જનતા પાર્ટી એ પેટ્રોલ ના ભાવ વધારા ના વિરોધ માં આપેલા ભારતબંધ ના એલા ન ને આજે બાયડ શહેરમાં મિશ્ર પ્રતીશાદ મળ્યો હતો તેમાં આ બંધ માં કેટલાક વહેપારીઓ એ સંપુર્ણ બંધ પાળ્યો હતો જયારે કેટલીક દુકાનો ખુલ્લી રહી હતી જયારે ખુલ્લી રહેલી દુકાનો ને બાયડ તાલુકા ના ભાજપાના હોદ્દેદારો બંધ કરાવવા નીકળ્યા હતા ત્યારે કેટલીક જગ્યાએ સફળતા મળી હતી તો કેટલીક જગ્યાએ નિષ્ફળતા મળી હતી તો બીજી બાજુ લોકો દ્વારા એવો પણ સુર જોવા મળ્યો હતનો કે ભલે કેન્દ્ર સરકારે ભાવ વધારયો હોય પરંતુ ગુજરાત માં રાજય સરકાર પેટ્રોલ ઉપર નો વેટ ઘટાડી ભા ઘટાડી શકે તેમ છે તો આ ભાજપા દ્વારા બંધ નુ એલાન આપવા કરતાં ભાજપ સરકાર પ્રેરીત રાજય માં પેટ્રાલ પરનો વેટ ઘટાડી પેટ્રોલ માં ભાવ ઓછો કરી લોકો ને રાહત આપે તે જરૂરી છે.

# ડીસામાં બંધ સફળ છતાં કેટલીક દુકાનો ખુલ્લી રહી

ડીસા, તા. ૩૧

મોંઘવારીનો કારમો કાળ વેઢારતી પ્રજા પર પેટ્રોલના કમરતોડ ભાવ વધારાએ મુસીબત ઉભી કરી દીધી છે. ત્યારે ભાજપ સહિત ડાબેરી પક્ષોએ ભારત બંધનું એલાન આપ્યું હતું. તેમાં ડીસા શહેરમાં બંધને સફળતા મળી છે. સવારના દસેક વાગ્યાના સુમારે ભાજપ કાર્યકરોની ટીમે ચંદ્રલોક વિસ્તારમાં દુકાનો બંધ કરાવી હતી. ત્યાર બાદ સમગ્ર બજારમાં ફરી દુકાનદારોને પોતાના ધંધા રોજગાર બંધ રાખી બંધને સફળ બનાવવા અપીલ કરી હતી.

કાર્યકરોએ શહેરના માર્ગો પર કોંગ્રેસ સરકાર હાય હાય, મનમોહન હાય હાય, સોનિયા હાય હાય જેવા નારા પોકારી માર્ગો પર બેસી જઈ ટ્રાફિક ચક્કા જામ કર્યો હતો. જેના કારણે લાંબા સમય સુધી ટ્રાફિક સમસ્યા અટવાઈ ગઈ હતી. આરંભમાં અમુક દુકાનોને બાદ કરતા મોટા ભાગની દુકનો બંધ હતી. પરંતુ ભાજપ કાર્યકરોની ટીમ બજારમાં નિકળી હતી ત્યારે ખુલ્લી દુકાનને બંધ કરાવવા માટે રાડારાડ અને જબરજસ્તી કરતા દુકાનદારોએ પોતાની દુકાનોને શટર પાડવા પડ્યા હતા. બજારમાં બારેક વાગ્યા સુધી એકલદોકલ દુકાનો બંધ હતી. પરંતુ બે વાગ્યાના સુમારે તમામ દુકાનો બંધ થઈ જતાં બજાર સુમસામ બની ગઈ હતી. બંધના પગલે ખરીદી અર્થે આવેલ લોકો પણ ઘરભેગા થઈ ગયા હતા. જો કે ચારેક વાગ્યાના સુમારે મુખ્યબજારમાં કેટલીક દુકાનો અને જુના બસ સ્ટેન્ડમાં કેટલીક દુકાનો ખુલ્લી જોવા મળી હતી.

## બંધની અસર

ડીસા શહેરમાં ભાજપ કાર્યકરોએ બગીચા વિસ્તાર તથા ફુવારા સર્કલ તેમજ હાઈવે વિસ્તારમાં જાહેર માર્ગો બાનમાં લઈ વાહનો અટકાવતા ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો અને કાળઝાળ ગરમી વચ્ચે વાહનચાલકો તેમજ અન્ય મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. જેમાં ડીસા-પાટણ-ડીસા એસટીબસ જી.જે.૧૮-વી-૮૮૧૭ બસને અટકાવી કાર્યકરોએ કાંકરીચાળો કરતાં બસના કાચ ફૂટ્યા હતા. આથી ડ્રાયવર કંડકટરે મુસાફરો ઉતારી બસને બગીચા સામે મુકી જતા રહ્યા હતા. જ્યારે રિક્ષા ચાલકોએ બંધને ટેકો આપતા ભાજપ કાર્યકરો રિક્ષાઓમાં બેસીને દુકાનો બંધ કરાવવા માટે વિવિધ સ્થળોએ ફર્યા હતા. જે પેસેન્જર ભરીને પસાર થતી રિક્ષાઓમાંથી જબરજસ્તીથી પેસેન્જર ઉતારતા અસહ્ય ગરમીમાં લોકોને ચાલીને જવુ પડ્યું હતું. પોલીસ સ્ટેશન પાસે રાજપુર મઠના કાર્યક્રમમાં પેસેન્જર ભરીને જતી રિક્ષાને કાર્યકરોએ ઘેરી લેતા પોલીસે માંડ છોડાવી હતી. જ્યારે વેપારીઓ કાર્યકરોની બળ જબરી સામે લાચાર બન્યા હતા. પોલીસ મુક પેક્ષક બનતા કાર્યકરોની તાકાત વધી ગઈ હતી.

## લીંબોદરા ગ્રામ પંચાયતના નકલી રબર સ્ટેમ્પ બનાવનાર વિરૂદ્ધ ફરિયાદ

માણસા, તા. ૩૧

કલોલ તાલુકાના લીંબોદરા ગ્રામ પંચાયતના લેટર પેડ પર અન્ય પંચાયતનો સિક્કો મારી તેના પર ગામનું નામ બદલી ચેડા કરી નકલી રબર સ્ટેમ્પ બનાવવા આપનાર ઈસમ વિરૂદ્ધ ગામના તલાટીએ માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માણસા શહેરમાં રબરના સિક્કા બનાવનાર નિલેશ ગજ્જર નામના વેપારીને ત્યાં લીંબોદરા ગ્રામ પંચાયતના લેટર પેડ પર એક ઈસમે તલાટીકમ મંત્રી નામથી લખાણ કરી સિક્કા બનાવવા આપી ગયો હતો. જે મુજબ તેણે આ બે સિક્કા અંગ્રેજીમાં બનાવી અને તે ઈસમે આપેલ મોબાઈલ પર જાણ કરી બોલાવી અને આપ્યા હતા. પરંતુ આ વેપારીની નજર લેટર પર મારેલા સિક્કા તરફ જતા તેમાં નીચે બનાવવાની મંજુરી આપતા સિક્કામાં તલાટી કમ મંત્રી બાપુપુરા લખેલુ હતુ અને તેમાં બાપુપુરા ચેકી દઈ લીંબોદરા લખ્યુંહતું. જેથી તેમાં ચેડા થયા હોવાની ગંધ આવતા વેપારીએ તલાટીને જાણ કરી હતી. જેથી તલાટી અને મહિલા સરપંચના પતિ કરણસિંહ વાઘેલાએ દુકાને આવી વેપારીને મળતા તેણે આપેલી માહિતીથી ચોકી ઉઠ્યા હતા.

**ભાડેથી જોઈએ છે**

પાંચ વર્ષના કરારથી
રોડ કોર્નર બંગલો
સેક્ટર-૧, ૨, ૩, ૭
મીનીમમ ૧૩૫ મી.
સંપર્ક : ૯૩૨૭૦૦૩૮૯૭

## સમાચાર ઝલક

- ઉજ્જૈનથી દર્શન કરીને પરત ફરતાં ૬ ગુજરાતી યાત્રાળુઓનાં અકસ્માતમાં મોત.
- કાશ્મીરમાં ૧૦૦૦ ફૂટ ઊંડી ખીણમાં જીપ ખાબકી : તમામ મુસાફરોના મોત.
- સિક્કીમમાં ભૂસ્ખલનથી સહેલાણીઓ મુશ્કેલીમાં.
- સચિન તેન્ડુલકર તા. ૪થી જૂને રાજયસભાના સભ્ય તરીકે શપતવિધિ કરશે : રાજીવ શુક્લા.
- ગુજરાતના મુસ્લિમોની માથાદીઠ આવક અન્ય રાજયો કરતાં વધુ છે : શ્રી નરેન્દ્રભાઇ મોદી
- વિશ્વનાથન આનંદ સતત પાંચમી વખતે વિશ્વ ચેમ્પિયન ચેસની રમતમાં બન્યા.
- દૂન એક્સપ્રેસ પાટા ઉપરથી ઉતરી જતાં મુસાફરોમાં ગભરાટ, પાંચ ડબ્બા ખડી પડ્યા.
- ઓરિસ્સામાં નવીન પટનાયકની ૧૨ વર્ષ જૂની સરકાર સંકટમાં, વિદેશ પ્રવાસ ટુંકાવી પરત ફરેલા પટનાયક.
- સેના અધ્યક્ષ પદે શ્રી વિક્રમસિંહ આજથી હોદ્દો ધારણ કરશે.
- સૂરતમાં જૈન મુનિ મૈત્રી પ્રભસાગરજી એ ગેરકાયદેસર કતલખાના બંધ થશે તેવી ખાત્રી મળતાં આમરણાંત ઉપવાસના પારણા કર્યા.
- ગુજરાતમાં ૨૯ ટકા વસ્તી તમાકુનો ઉપયોગ કરે છે.
- ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકનું લાયસન્સ ટ્રાફિક પોલીસ જ સસ્પેન્ડ કરશે.
- સમગ્ર સૂરત શહેરમાં સી.સી.ટી.વી. કેમેરા ગોઠવાશે, ૮૦ કરોડનો પ્રોજેક્ટ.
- વિકલીકસના સ્થાપક જુનીયન અસાંજને સ્વીડન મોકલાશે : જાતીય સતામણીના આરોપસર.
- ટામેટાના ભાવમાં આગ ઝરતી તેજી : ૧ મહિનામાં ૮ ગણાં થયા.
- પૂ. મોરારી બાપુનું ફેસબુક એકાઉન્ટ બનાવટી હોવાનું નજીકના વર્તૂળોનો દાવો : પેટ્રોલની ટીકા ટિપ્પણ કરી જ નથી.



બાયડ માર્કેટ યાર્ડ માં તા.૩૦ ના રોજ બયડ તાલુકા ખેડુતોની ખેડુત શીબીર યોજાઈ હતી જેમાં બાયડ તાલુકા ના ખેડુતો મોટી સંખ્યા માં ઉપસ્થીત રયા હતા સાથે સાથે સોઈલ ટેસ્ટ લેબોરેટરી પ્રી કલીનીંગ યુનીટ તથા આર.ઓ પ્લાન્ટ નો ઉદઘાટન સમારંભ પણ યોજાયો હતો આ ખેડુત શીબીર ગુજરાત રાજય કૃષિ બેંક ના ચેરમેન કનુભાઈ એમ પટેલ ના પ્રમુખ સ્થાને યોજાયો હતો આ શિબીર માં ગુજરાત કૃષિ યુનીવર્સીટી ના તજજ્ઞો કપાસ, દિવેલા બટાકા સહિત શાકભાજી ના પાકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. બાયડ માર્કેટ યાર્ડ ના સેક્રેટરી જીજ્ઞેશભાઈ પટેલે જણાવ્યુ હતુ કે કૃષિ મહોત્સ્વ અર્તગત યોજાએલી ખેડુત શીબીર બાદ સોઈલ ટેસ્ટ લેબોરેટરી પ્રી કલીનીંગ યુનીટ તથા આર.ઓ પ્લાન્ટ નો ઉદઘાટન સમારંભ યોજાયો હતો જેમાં ઉંઝા ના ધારાસભ્ય નારણભાઈ પટેલ બાયડ ના ધારાસભ્ય ઉદેસીંહ ઝાલા સાબરકાંઠા બેન્ક ના ચેરમેન અમીચંદભાઈ પટેલ સહિત ના આગેવાનો ઉપસ્થીત રહયા હતા.

**દહેગામ નગરપાલિકા**

જા. નં. ૧૫૦/૧૨-૧૩
તા. ૩૧-૫-૨૦૧૨

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૦૭, ૧૦૮ અન્વયે

આથી દહેગામ નગરપાલિકાની હદ વિસ્તારમાં વસતા મિલકત ધારકોને જણાવવામાં આવે છે કે આ સંસ્થાની ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટે મિલકતોની ક્ષેત્રફળ આધારિત આકારણીની યાદીઓ તૈયાર કરવામાં આવેલ છે. આકારણી પત્રકો આ સંસ્થાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન ખુલ્લા રાખવામાં આવેલ છે.

ઉપર જણાવેલ આકારણી પત્રકોમાં સમાવિષ્ટ કરેલ મિલકતોના ક્ષેત્રફળ સંબંધમાં આવી મિલકતના માલિકો/કબજેદારો અગર તેના પ્રતિનિધિઓને મિલકતના ક્ષેત્રફળ સામે વાંધા લેવા માંગતા હોય તો આ નોટીસ પ્રસિદ્ધિથી એક માસના સમયગાળા દરમિયાન મિલકતોના નંબર તથા મિલકતવાર અલગ-અલગ લેખીત અરજી અત્રે મોકલી આપવાની રહેશે. અગાઉ આવેલ અરજી તથા મુદત બહારની અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

ડી. જી. પરમાર
ચીફ ઓફિસર, દહેગામ નગરપાલિકા

માહિતી/૪૦૪/૧૨-૧૩

**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

**Nirmala Tyres**

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮